Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૭૯ મું
અંક ૧૨
૨૫ સપ્ટેમ્બર

આસો

વીર સં. ૨૪૮૯
વિ. સં. ૨૦૧૯
ઇ. સ. ૧૯૬૩


मूलाओ खंधप्पभवो दुमस्स, खंधाउ पच्छा समुवेन्ति साहा ।
साह-प्पसाहा विरुहन्ति पत्ता, तओ सि पुप्फं च फलं रसो अ ॥ १ ॥

વૃક્ષના મૂળમાંથી થડ ઉગે છે, થડમાંથી પછી જુદી જુદી શાખાઓ ઉગે છે, એ શાખાઓમાંથી બીજી નાની નાની ડાળો ફૂટે છે, એ ડાળો ઉપર પાંદડાં ઉગે છે, પછી તેને ફૂલ આવે છે, ફળ લાગે છે અને ત્યાર બાદ તે ફળોમાં રસ જામે છે.

एवं धम्मस्स विणओ, मूलं परमा से मोक्खो ।
जेण कित्तिं सुयं सिग्घं, निस्सेसं चाभिगच्छइ ॥ २ ॥

એજ પ્રકારે ધર્મરૂપ વૃક્ષનું મૂળ વિનય છે અને મોક્ષ તે મૂળમાંથી પ્રગટ થતો ઉત્તમોત્તમ રસ છે. વિનયથી જ મનુષ્ય કીર્તિ, વિદ્યા, શ્લાઘા-પ્રશંસા અને કલ્યાણમંગળને શીઘ્ર મેળવે છે.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૯ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


૧ શ્રી સિદ્ધશીલાનું સ્તવન (મુનિ મનમોહનવિજય) ૧૦૧
૨ શ્રી વર્દ્ધમાન મહાવીર : લેખાંક-૫૧ .... .... (સ્વ. મૌક્તિક) ૧૦૨
૩ નાનો અને મોટો ! .... (સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ) ૧૦૫
૪ 'મહામતિ' સિદ્ધસેન દિવાકરનું શ્રુતકેવલિત્વ તે શું ? (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ.) ૧૦૭
૫ સ્યાદ્‌વાદની રૂપરેખા .... .... (પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી) ૧૦૯
૬ ન્યાયાચાર્યે નિર્દેશેલા સદાચારો ... (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ.) ૧૧૧
૭ જિન દર્શનની તૃષા .... (ડો. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા) ૧૧૨



શારદાપૂજન વિધિ

## જૈન વિધિ પ્રમાણે વહીપૂજન કરો

જૈનવિધિ પ્રમાણે વહીપૂજન-શારદાપૂજન કરવું તે ફાયદાકારક છે. આ વિધિમાં પ્રાચીન શારદા સ્તોત્ર અર્થ સાથે છાપવામાં આવેલ છે. અનંતલબ્ધિનિધાન **શ્રી ગૌતમસ્વામીના** છંદો પણ સાથોસાથ આપવામાં આવેલ છે; તો દીપોત્સવી જેવા મંગળકારી દિવસોમાં આ માંગલિક વિધિ પ્રમાણે પૂજન કરવું તે અત્યંત લાભકારક છે. વાંચવી સૂગમ પડે તે માટે ગુજરાતી ભાષામાં જ છાપવામાં આવી છે.

**કિંમત : દશ નયા પૈસા** **સો નકલના રૂા. ૯-૦૦**

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**


## આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલિક શેઠશ્રી ભોગીલાલભાઈ નગીનદાસ જેઓ આપણી સભાના લાઈફ મેમ્બર પણ છે, તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ વિ. સં. ૨૦૨૦ની સાલના કાર્તિકી પંચાંગ સભાના સભાસદ બંધુઓ, તેમજ **"શ્રી જૈન ધર્મ પ્રકાશ"** માસિકના ગ્રાહક બંધુઓને ભેટ આપવા માટે મોકલવામાં આવેલ છે, જે આ અંકની સાથે છે, જે સંભાળી લેવા વિજ્ઞપ્તિ છે. તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૭૯ મું<br>અંક ૧૨ | આસો | વીર સં. ૨૪૮૯<br>વિક્રમ સં. ૨૦૧૯ |
|---|---|---|


## સિદ્ધશીલાનું સ્તવન

( ભેખ રે ઉતારો રાજા ભરથરી–એ રાગ )

શ્રુતદેવી તું જિન તણા, મુખ મંદિર વસનારજી;
પ્રગટ થઈ તું મુખ થકી, ભવિજન તારણહારજી.
વીર તણી વાણી સુણો૦ ૧
ઇચ્છા મુજ તુજ સહાયથી, સિદ્ધ શીલા ગુણ ગાઉંજી;
વાસ કરજે મુજ હૃદયમાં, થુણતાં શિવપુર જાઉંજી. વીર૦ ૨
એક દિન ગૌતમ વીરને, પૂછે સભા મોજારજી;
કૃપા કરી કહો જિનજી, સિદ્ધ શીલા અધિકારજી. વીર૦ ૩
વીર વદે ગૌતમ સુણો, સ્થિર રાખી સહુ ચિત્તજી;
કર્મ ખપાવી તે પામશે, ભવિજન શાશ્વત વિત્તજી. વીર૦ ૪
ઉર્ધ્વલોકમાં શાશ્વતું, સિદ્ધ શીલા તણું સ્થાનજી;
અષ્ટ કર્મ રૂપી વૈરીને, જીતી જાય મસ્તાનજી. વીર૦ ૫
છવીસ નામ જે સ્વર્ગના, તસ ઉપર રહી સ્થિરજી;
લાખ પિસ્તાલીસ જોજન, લાંબી પહોળી ગંભીરજી. વીર૦ ૬
વચ્ચે અષ્ટ જોજન કહી, છેડે મક્ષીકા પાંખ ચમાનજી;
એહવું વીરજીએ ભાખિયું, સિદ્ધ શીલા તણું માનજી. વીર૦ ૭
વર્ણ ઉજ્વલ મોતી સમો, ગોખીર શંખ સમ જાણજી;
અર્જુન સુવર્ણ સમ દિપતી, શાશ્વત સુખની ખાણજી. વીર૦ ૮
સ્ફટિક રત્ન નહિ નિર્મલું, સિદ્ધ શીલા સમ જાણ્યુંજી;
સુંવાળી અનહદ કહી, વર્ણ સૂત્રે વખાણ્યુંજી. વીર૦ ૯
શીલા ઓળંગી જન જે ગયા, તેહને સુખ અપારજી;
ચર્મ જીભે નવી કહી શકે, અલ્પ પણ તેનો સારજી. વીર૦ ૧૦
જન્મ મરણ નહિ જીવને, વૃદ્ધ નહિ કોઇ રોગીજી;
શત્રુ મિત્ર સમ કો નહિ, ન યોગી નહિ ભોગીજી. વીર૦ ૧૧
કાયા ભૂખ તૃષા નહિ, શબ્દ ગંધ રસ રૂપજી;
સ્પર્શ સ્વામી સેવક નહિ, નહિ રંક કે ભૂપજી. વીર૦ ૧૨
વાચા નહિ મૂંગા નહિ, ચાલે નહિ તેમ સ્થિરજી;
દિન તથા રાત્રિ નહિ, રહેવે નહિ અધિરજી. વીર૦ ૧૩
ગામ નગરી ત્યાં નહિ, નહિ ચેલા ગુરુ રાયજી;
દાસ દાસી કો ત્યાં નહિ, નહિ સેવે કોઇ પાયજી. વીર૦ ૧૪

( અનુસંધાન પાછળ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : પર

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

અને નંદનમુનિ શિયળની નવ વાડ બરાબર જાળવી નવવિધ બ્રહ્મચર્ય પાળનાર હતા. ખેતરની ફરતી રક્ષણ માટે વાડ હોય છે. તેમ બ્રહ્મચર્ય રક્ષણ માટે નવ વાડો કહેલી છે તે આ પ્રમાણે: ૧ સ્ત્રી પશુ કે પંડગ વસતા હોય તેની સાથે બ્રહ્મચારી ન વસે. ૨. સ્ત્રીની સાથે માંડે વચન કામ કથા ન કરે. બને ત્યાંસુધી સ્ત્રીની સાથે વાત જ ન કરે, સ્ત્રી સંબંધી વાત ન કરે અને કદાચ કથા કરે તો કામ કથા તો ન જ કરે. ૩. સ્ત્રી જે આસન પર બેઠી હોય ત્યાં બે ઘડી સુધી બ્રહ્મચારી ન બેસે. ૪. સ્ત્રીની સાથે સામસામી નજર કરી આંખે આંખ મેળવી નજર ન માંડે. ૫. પડખેના ઓરડામાં કે ઓથારની બાજુએ સ્ત્રીપુરુષ સૂતા કે વાત કરતા હોય તો બાજુના આંતરાવાળા ઓરડામાં સાધુ રાતવાસો ન કરે. ૬. પૂર્વકાળમાં પોતે કામભોગ સેવ્યાં હોય, વિષયો ભોગવ્યાં હોય, મોજે માણી હોય, વિલાસો અનુભવ્યા હોય તે યાદ ન કરે, તેની વાત ન કરે, તેની ચર્ચા ન કરે. ૭. બ્રહ્મચારી સરસ આહાર ન કરે, ખાતાં ખાતાં ટેસ્ટ ન કરે, ખાવાની વાત ન કરે, ખાવાની ચીજના વખાણ કે વખોડ ન કરે અને માદક વિકારી ભોજન કે પીણું ન વાપરે. ૮. ખાતી વખતે પેટ ઊણું રાખે ઠાંસોઠાંસ દાબીને ન જમે, બાર-આના દશ આના પેટ ભરે, અતિમાત્રા આહાર ન કરે. અને ૯ શરીરના વિભૂષા ન કરે કાનમાં અત્તર, આંખમાં આંજણ, નેકટાઈ કોલર વગેરેથી કે ઉત્તમ મૂલ્યવાન સાડીથી શરીરને આકર્ષક દેખાડે નહિ, તંગ કપડાં પહેરે નહિ. આ રીતે નવવિધ બ્રહ્મચર્યનાં વાડની યતનાપૂર્વક પાલન કરી મુનિ નંદનઋષિ સંયમધર્મનું પાલન કરતા હતા.

નંદનમુનિ દશ પ્રકારના સાધુના ધર્મ બરાબર પાલન કરતા હતા આ દશ ધર્મોમાં આખો સાધુનો માર્ગ–સંયમધર્મ સમાઈ જાય છે. ખૂબ મનન કરીને લક્ષ્યમાં રાખવા યોગ્ય આ ધર્મો છે: ૧. ખંતિ–ક્ષમા. ક્રોધનો ત્યાગ. સાધુ ગુસ્સે થાય નહિ. ગમે તેવા પ્રસંગે મન પર કાબૂ રાખે. ૨. માર્દવ ધર્મ. માનનો ત્યાગ. આઠ પ્રકારના મદ કે અભિમાન ન કરે. એનામાં મગરૂબી ન હોય. એનામાં મિથ્યાભિમાન ( Vanity ) ન હોય. ૩. આર્જવ ધર્મ. માયા કપટનો ત્યાગ. ખોટો દેખાવ, ઢોંગ–ધતૂરા કે દંભનો અંશ પણ સાધુમાં ન શોભે ૪. મુક્તિ ધર્મ.

---

( અનુસંધાન આગળના પાનાથી શરૂ )

ભૂતકાળે જે સિદ્ધ થયા, વર્તમાને જે હોતજી;
ભવિષ્યકાળે જે સિદ્ધ થશે, રહેવે જ્યોતિમાં જ્યોતજી. વીર૦ ૧૫
એક સ્થાને સવિ સિદ્ધ રહે, જ્યાં નહિ નર કે નારજી;
બહુ દિપકની જ્યોત જે, રહેવે તેમ ઉદારજી. વીર૦ ૧૬
અનંત સુખ સિદ્ધ શીલા મહિ, જાણો સહુ ભવિ પ્રાણીજી;
સિદ્ધ શીલાને પામજો, જિન ધર્મને જાણીજી. વીર૦ ૧૭
મનોહર ધર્મ જિનજી તણો, વરતે જયજય કારજી;
મનમોહન સંસારથી, પામો ભવ જલ પારજી. વીર૦ ૧૮
બે સહસ્ર બાર ચૈત્રની, શુકલ એકાદશી દિનજી;
તિર્થ તલેટી ગીરનારની, ગાવે આત્મ તલ્લિનજી. વીર૦ ૧૯

—મુનિ મનમોહનવિજય



For Private And Personal Use Only

કોઈ પણ વસ્તુનો, માણસોનો કે સંબંધનો લોભ સાધુ ધારણ કરે નહિ પોતાનું સ્વામિત્વ વસ્તુ કે મનુષ્ય પર એ રાખે નહિ. ૫. તપ ધર્મ. બાહ્ય અભ્યંતર તપમાં એ મશગુલ રહે. ઇચ્છાનો નિરોધ એ તપ કહેવાય. ૬. સંયમ ધર્મ: એના સત્તર ભેદ છે. પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ ( માલેકી ) એ પાંચથી વિરમવાનાં પાંચ વ્રત, પાંચ ઇંદ્રિયનો નિગ્રહ, ચાર કષાય( ક્રોધ, માન, માયા, લોભ )નો જય અને ત્રણ દંડ( મન, વચન, કાયા )થી નિવૃત્તિ. ૭. સત્ય ધર્મ: વચન સાચું બોલે, નિર્મળ સત્ય બોલે પ્રિય હિત મિત અને તથ્ય ઉચ્ચાર કરે. ૮. શૌચ ધર્મ બાહ્યશૌચમાં હાથ-પગ અંગોની પવિત્રતા અને બેતાલીશ દોષ રહિત આહાર એ દ્રવ્યશૌચ અને આત્માના શુદ્ધ અધ્યવસાય-પરિણતિની નિર્મળતા એ ભાવશૌચ. અથવા મન વચન કાયાની શુદ્ધિ રાખવી અને જીવ અદત્ત, સ્વામિ અદત્ત, ગુરુ અદત્ત, અને તીર્થંકર અદત્ત ન લેવું, ચોરીનો ત્યાગ કરવો એ શૌચ ધર્મ. ૯. અકિંચન ધર્મ: સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરવો, માલેકી સ્થાપવાની ગૂંચવણથી દૂર રહેવું, ધનધાન્ય વગેરે નવ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરવો તે અકિંચનતા. ૧૦. બ્રહ્મચર્ય સર્વ પ્રકારના પારકા શરીર સાથેના સંબંધનો ત્યાગ. એમાં સ્ત્રી-પુરુષનો સંબંધ, દેવગતિની અપ્સરા કે દેવીઓનો સંબંધ તથા જનાવર સાથેના સંબંધનો મન વચન કાયાથી ત્યાગ આવી જાય છે.

નંદનમુનિ **અગિયાર** અંગનો અભ્યાસ કરતા હતા. તેનાં નામો: આચારાંગ, સુયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, વિવાહપન્નત્તિ ( ભગવતી સૂત્ર ), જ્ઞાતા-ધર્મકથા, ઉવાશગદશા ( ઉપાસકદશાંગ ), અંતગડ-દશાંગ, અનુત્તરોવવાઈ, પ્રશ્ન વ્યાકરણ અને વિપાકસૂત્ર.

૧. આચારાંગના અધ્યયન ૨૫. મૂળ શ્લોક ૨૫૦૦ શીલાંકાચાર્ય ટીકા ૧૨૦૦૦ ચૂર્ણિ ૮૩૦૦ તથા ભદ્રબાહુકૃત નિર્યુક્તિ ગાથા ૩૬૮ શ્લોક ૪૫૦ સરવાળે એના શ્લોક ૨૩૧૫૦ છે ( શ્લોક એટલે ૩૨ અક્ષર )

૨. સુયગડાંગ: અધ્યયન ૨૩. મૂળ શ્લોક ૨૧૦૦, શીલાંક ટીકા ૧૨૮૫૦, ચૂર્ણિ ૧૦૦૦૦ અને ભદ્રબાહુ નિર્યુક્તિ ગાથા ૨૦૮, શ્લોક ૨૫૦, ભાષ્ય નથી. કુલ શ્લોક ૨૫૨૦૦ હેમવિમળસૂરિની ટીકા ૭૦૦૦ શ્લોકની છે.

૩. ઠાણાંગ સૂત્ર: દશ અધ્યયન, મૂળ શ્લોક ૩૭૭૦, ટીકા અભયદેવસૂરિકૃત ૧૫૨૫૦ શ્લોકની છે. કુલ સરવાળો ૧૯૦૨૦ શ્લોક છે

૪. સમવાયાંગના મૂળ શ્લોક ૧૬૬૭ છે અભય-દેવસૂરિની ટીકા ૩૭૭૬ શ્લોક છે પૂર્વાચાર્યકૃત ચૂર્ણિ ૪૦૦ શ્લોક છે. સરવાળે કુલ શ્લોક સંખ્યા ૫૮૪૩.

૫. વિવાહપન્નત્તિ: ભગવતીસૂત્ર. એના ૪૧ શતક છે. એમાં ગૌતમસ્વામીએ પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નો આવે છે. મૂળ શ્લોક ૧૫૭૫૨ અભયદેવસૂરિએ તે પર ટીકા સં. ૧૧૨૮ માં કરેલી અને દ્રોણાચાર્યે શોધેલી. તેનું પૂર ૧૮૬૧૬ શ્લોકનું છે. એના પર પૂર્વાચાર્યકૃત ૪૦૦૦ શ્લોકની ચૂર્ણિ છે કુલ શ્લોક કે સંખ્યા ૩૮૩૬૮ ની છે. એના ઉપર સં. ૧૫૬૮માં દાનશેખર ઉપાધ્યાયે ૧૨૦૦૦ શ્લોકની લઘુવૃત્તિ લખી છે.

૬. જ્ઞાતાધર્મકથાંગ: એમાં ૧૯ અધ્યયન ને ૧૯ કથા હાલ લભ્ય છે. એના શ્લોકની સંખ્યા ૫૫૦૦ અને તે પર અભયદેવસૂરિની ટીકા ૪૨૫૨ શ્લોકની છે.

૭. ઉપાસક દશાંગ સૂત્ર: એના દશ અધ્યયન છે. મૂળ શ્લોક ૮૧૨ અને તેના પર અભયદેવસૂરિની ટીકા ૯૦૦ શ્લોકની છે. એની કુલ શ્લોક સંખ્યા ૧૭૧૨ ની છે.

૮. શ્રી અંતગડદશાંગ: એ સૂત્રનાં ૯૦ અધ્યયન છે. મૂળ શ્લોક ૯૦૦ છે. એના પર અભયદેવસૂરિની ટીકા ૩૦૦ શ્લોકની છે. સર્વ સંખ્યા ૧૨૦૦ શ્લોકની છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯. અનુત્તરોવવાઇસૂત્રઃ એનાં મૂળ અધ્યયન ૩૩ છે. શ્લોક ૨૯૨ છે. અભયદેવસૂરિકૃત ટીકા ૧૦૦ કુલ સંખ્યા ૩૯૨.

૧૦. શ્રી પ્રશ્નવ્યાકરણ એનાં દશ અધ્યયન છે. મૂળ શ્લોક ૧૨૫૦ અને તેના પર અભયદેવસૂરિની ટીકા ૪૬૦૦ શ્લોકની છે. સર્વ સંખ્યા ૫૮૫૦ની છે

૧૧. શ્રી વિપાકસૂત્રઃ એમાં અધ્યયન ૨૦ છે. મૂળ શ્લોક ૧૨૧૬ છે. એના પર અભયદેવસૂરિની ટીકા ૯૦૦ શ્લોકની છે. કુલ શ્લોક સંખ્યા ૨૧૧૬ છે.

અત્યારે ઉપલબ્ધ થતાં અગ્યાર અંગની મૂળ સંખ્યા ૩૫૬૫૯ અને ટીકા ૭૩૫૪૪ અને ચૂર્ણિ ૨૨૭૦૦ તથા નિર્યુક્તિ ૭૦૦ મળીને કુલ શ્લોક સંખ્યા ૧૩૨૬૦૩. સુયગડાંગની દીપિકા આથી જુદી છે. એમાં આચારાંગ અને સૂયગડાંગની ટીકા શીલાંકાચાર્ય મહારાજની છે, બાકીનાં નવ અંગોની ટીકા શ્રી અભયદેવસૂરિની બનાવેલી છે. અભયદેવસૂરિ તેટલા માટે નવાંગી ટીકાકારના નામથી ઓળખાય છે. વર્તમાનકાળે અગિયાર અંગને અંગે જે સાહિત્ય સાંપડે છે તેનો અત્ર સંગ્રહ કર્યો છે. દરેક ગણધર બાર અંગની રચના કરે છે, એનો આશય એક જ હોય છે, પણ ગ્રંથના પૂર અને શબ્દો અલગ અલગ હોય છે. શ્રી નંદનમુનિએ તેમના સમયમાં ઉપલબ્ધ થતાં અગિયાર અંગનું અધ્યયન કર્યું એમ અત્ર સમજવું. વાંચનારની જાણ માટે એ અંગ સાહિત્યનો વિસ્તાર કેટલો છે તે અત્ર અન્ય માહિતી ગ્રંથોમાંથી મેળવીને લખ્યું છે.

અને નંદનમુનિ **બાર** પ્રકારના તપને આચરતા હતા. તપનો મહિમા ઉપર વર્ણવ્યો છે. આ વિષય અતિ મહત્વનો છે, જૈન ધર્મનો પાયો છે તેથી તપના બાર પ્રકાર સમજવા પ્રયત્ન કરીએ. બાહ્ય તપના છ પ્રકાર છે અને છ પ્રકાર અભ્યંતર (આંતર) તપના છે. પ્રથમ છ બાહ્ય તપને સમજી લઇએ.

૧. અનશન. આહારનો ત્યાગ. તેના બે પ્રકાર છેઃ ઇત્વર અને યાવત્કથિક. છઠ્ઠ અઠ્ઠમ માસખમણનો નિયમ લઈ અનશનનો ત્યાગ તે ઇત્વર અને યાવજ્જીવ અનશન ગ્રહણ તે યાવત્કથિક. ૨. ઊણોદરિકા. અશન વગેરેની ન્યૂનતા કરવી એમાં ઉપકરણની ન્યૂનતાનો પણ સમાવેશ થાય છે. ૩. વૃત્તિસંક્ષેપ. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી વૃત્તિ એટલે આજીવિકાનો સંક્ષેપ કરવો. એમાં અભિગ્રહ-નિયમનો સમાવેશ થાય. આજે આટલી જ વનસ્પતિ ખાવી, કે આટલા તોલની જ ખાવી વગેરે ધારણાનો આ સંક્ષેપ છે. ૪. રસત્યાગ. ઘી તેલ ગોળ વગેરે વિગયનો ઓછો વધતો બનતો ત્યાગ કરવો, આયંબિલનો આ રસત્યાગ તપમાં સમાવેશ થાય. ૫. કાયક્લેશ તપ આસન કરવા, કાયોત્સર્ગ કરવા, વાળના લોચથી શરીરને કષ્ટ આપવું. અને ૬. સંલીનતા તપ એટલે અંગોપાંગનું સંવરવું, ગોપન કરવું. પ્રત્યેક અંગને એનાં કાર્ય કરવાથી દૂર કરવું અને તે રીતે તેના પર કાબૂ મેળવવું. આ રીતે છ પ્રકારના બાહ્ય તપ બતાવ્યા છે. હવે છ અભ્યંતર તપ વિચારી જઇએ.

**અભ્યંતર તપના છ પ્રકાર છે :**

૧. પ્રાયશ્ચિત્ત એટલે કરેલા અપરાધની શુદ્ધિ કરવી, ગુરુ પાસે જણાવી આલોયણા લેવી. આમાં સંપૂર્ણ વિગત ગુરુ સન્મુખ વગર સંકોચે રજૂ કરવાની હકીકત છે અને ગણતરી કરી ગુરુ પ્રાયશ્ચિત્ત આપે તેનો અમલ કરવાની વાત છે. ૨. વિનય. ગુણવંતની ભક્તિ અને તેની આશાતના ટાળવાની વાત વિનયમાં આવે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વચન, કાયા અને લોકોપચાર એમ સાત પ્રકારના વિનય બતાવવામાં આવ્યા છે. અનાશાતનાને એમાં વિગતવાર સ્થાન છે. ૩. વૈયાવચ્ચ. ધર્મ શીખવનાર, સમજાવનાર સંસારના ત્યાગી તેમ જ સમાનધર્મી, માંદા, વૃદ્ધ અને સંઘ વગેરે માટે ખવરાવવાની, વસ્ત્ર પાત્રની, ઓસડ વગેરેની યથોચિત સેવા કરવી, તેમને સગવડ કરી કરાવી આપવી તે સર્વનો સમાવેશ આ ત્રીજા આંતર તપમાં થાય છે. ૪. સ્વાધ્યાયઃ. ભણવું, ભણાવવું, પૂછવું, ચર્ચા કરવી, પુનરાવર્તન કરવું, ચિંતવન કરવું અને ધર્મકથા કરવી એ અભ્યાસના સર્વ અંગોનો અહીં સમાવેશ થાય છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નાનો અને મોટો !

(લેખક : સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

રમણલાલનો દિકરો બબલો સાત આઠ વરસનો હશે. ઘરમાં ગોળનો દેફો બજારમાંથી લાવેલો બબલાએ તેમાંથી ગોળ ખાવા માગ્યો. એની બાએ એક કાંકરો આપવા માંડ્યો બબલો કહે મને મોટો ગોળ જોઈએ. બાએ હજુ મોટો કાંકરો આપવા માંડ્યો. બબલો તો મોટો ગોળ માગ્યા કરે. કેમે સમજે જ નહીં. છેવટ એક ફાડ જેવડો ગોળનો કટકો આપવા માંડ્યો. તો પણ એને તો મોટો જ ગોળ માગવો શરૂ રાખ્યો. અને સાથે રડારોળ પણ શરૂ રાખી. કેમે એનું સમાધાન કરી શકાય નહીં.

બબલાનું આ તોફાન સાંભળી રમણલાલની પાડોશમાં રહેતી ગંગા ડોશી ત્યાં આવી ચઢ્યા. તેઓએ બબલાની બાને જરા ધમકાવાનો દેખાવ કર્યો. અને બબલાને પોતાની પાસે બેસાડી તેની આંખો પોતાના લુગડાથી લુંછી બબલાને જરા શાંત કરી તેને પૂછવા માંડ્યું. બેટા, તારી બા તારી સાથે આમ વગર ફોગટની વઢ્યા કરે છે. એ મને ખબર છે. તું મને કહે, તું શું માગે છે ? બબલાએ જરા શાંત થઈ ડોશીમાને કહ્યું, મને મોટો ગોળ જોઈએ છે. બા મને નાનો આપે છે. ડોશીમાએ બબલાને આશ્વાસન આપ્યું. લે હું તને મોટો ગોળ આપું. હવે તું જરાએ રોઈશ નહીં. શાંત રહે.

પછી ડોશીમાએ એક હાથમાં નાના બોર જેવડો કાંકરો લીધો. અને બીજા હાથમાં સોપારી જેવડો કાંકરો લીધો. અને બબલા આગળ બન્ને હાથ ધરી કહ્યું, લે બેટા, આમાંથી તને જે મોટો ગોળ લાગતો હોય તે લઈ લે. બબલાએ તો તરત જ સોપારી જેવડો ગોળ ઉચકી લીધો. અને તરત જ મ્હોંમાં મૂકી ખુશી થઈ દોડી ગયો. આ બધું જોઈ બબલાની બા તો મોટેથી હસવા માંડી. અને ગંગા ડોશીના ખૂબ ઉપકાર માની તેમની ચતુરાઈના ખૂબ વખાણ કર્યા. નાના બાળકોના મનનો તાગ જોઈ કેવી ખુબીથી એને સમજાવવો પડે છે એનો બોધપાઠ જ બબલાની બાને આપ્યો.

આપણે ઉંમરમાં ભલે મોટા હોઈએ. તો પણ આપણી હજુ પેલા બબલા જેવી જ બાલબુદ્ધિ છે, એવું લાગ્યા વગર નહીં રહે. આપણે જ્યારે આપણાથી વધુ ધનવાન તરફ જોઈએ છીએ ત્યારે આપણે ઘણા ગરીબ છીએ એવો વિચાર મનમાં રમવા માંડે છે. અને આપણી પાસે પણ એવું જ ધન હોય તો કેટલું સારૂ એવી ઝંખના મનને લાગે છે. અને નાના મોટાનું તુમુલ યુદ્ધ આપણા મનમાં જામે છે. આપણે મનની શાંતિ ખોઈ બેસીએ છીએ. અને આપણા મનમાં લોભ, ઈર્ષ્યા અને દ્વેષ જેવા અસત્ વિચારો ઘર કરી બેસે છે. અને આપણા વિચારોમાં ખૂબ આંદોલનો જાગે છે. દ્રવ્ય મેળવવાની આપણા મનમાં ધૂન લાગી જાય છે. અને આપણે જે માર્ગો લઈએ છીએ તે શુચિ છે કે અશુચિ તેનું ભાન આપણને રહેતું નથી. આપણે તો ગમે તેમ ધનની જ લગની લાગેલી હોવાથી આપણે નહીં કરવા જેવા કામો કરવા બેસી જઈએ છીએ. સાચા કે ખોટા, ધર્મ કે અધર્મ માર્ગે આપણને તો ધન જ ભેગું કરવાનું સુઝે છે.

નાનું અને મોટું, વધુ કે ઓછું, સારૂ કે નરસુ એ તરતમ ભાવ સાપેક્ષ હોય છે એ વસ્તુ આપણા મગજમાંથી નીકળી જ ગયેલી હોય છે. પાચ રૂપીઆ દસ રૂપીઆ કરતાં ઓછા હોય એ ઠીક, પણ ચાર રૂપીઆ કરતાં એ વધારે છે એમાં શંકા નથી. એટલે પાંચ રૂપીઆ એ જેમ દસની અપેક્ષાએ ઓછા છે, તેમ ચારની અપેક્ષાએ વધુ છે, એ સ્પષ્ટ છે. એટલે પાંચ રૂપીઆ એક વખત ઓછા હતા, તે જ પાંચ રૂપીઆ બીજી વખત વધુ થઈ જાય છે. આ સાપેક્ષતા પેલા બબલાની પેઠે આપણા મનમાં પણ આવતી નથી. તેથી જ અમો કહીએ છીએ કે, આપણે પણ બબલા જેવા જ હજુ અજ્ઞાન છીએ.

જ્યારે આપણે પોતાને ગરીબ, હલકા અને ઓછા અગર અજ્ઞાન છીએ એમ સમજી દુઃખ કરવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેસીએ ત્યારે આપણે આપણા કરતાં ગરીબ, હલકા કે અજ્ઞાન માણસ અને તેની પરિસ્થિતિ અને અજાણપણા તરફ જોઇએ. તેથી આપણી ખાત્રી થશે કે આપણે ખરે જ ઘણા સુખી, પુણ્યવાન અને જ્ઞાની છીએ. કારણ આપણા કરતાં હલકા, દુઃખી, દરિદ્રી કે અજાણ એવા બીજા ઘણા લોકો છે. તેથી આપણે મુંઝાવાનું કે દુઃખી થવાનું કાંઇ કારણ નથી. ઉલટા કેટલીએક બાબતોમાં આપણે બીજાઓને સહાય આપી શકીએ તેમ છીએ. તેમ જ અનેકોને માર્ગે ચઢાવીએ એમ પણ છે. તેથી આપણે ખેદ કરવાનું કાંઇ કારણ નથી તેમ બીજાની ઇર્ષ્યા કરવાનું પણ કાંઇ કારણ નથી.

પણ જ્યારે આપણને એમ લાગે કે, આપણે ધનવાન છીએ, સુખી છીએ, જ્ઞાની છીએ ત્યારે આપણે બીજાઓની અર્થાત્ આપણા કરતાં દરિદ્રી, હીન, અજ્ઞાનીઓની નિંદા કરવા બેસીએ ત્યારે એ આપણી મૂર્ખાઈ જ છે. કારણ આપણા કરતાં વધારે ધનવાન, કીર્તિવાન અને જ્ઞાનીઓ કાંઈ ઓછા નથી. એમની આગળ તો આપણે ક્યાંઇ જ નથી માટે આપણે અભિમાન કરવાનો કાંઇ પણ અધિકાર છે જ નહીં.

જગતમાં કોઈ પણ વસ્તુ કે પરિસ્થિતિ સારી કે ખોટી છે, હલકી કે ઉંચી છે એમ બોલીએ છીએ ત્યારે તેમાં તરતમભાવ સમાએલો હોય છે એ ભૂલવું નહીં જોઇએ. અમુક વસ્તુ કે પરિસ્થિતિ સ્વયમેવ નાની કે મોટી હોતી નથી. બીજી તેવી જ જાતની વસ્તુ કરતાં તે નાની કે મોટી ગણવામાં આવે છે. માટે સુખી પરિસ્થિતિથી આપણે ફુલાઈ જવાનું નથી. તેમ દુઃખી પરિસ્થિતિમાં મુંઝાવાનું પણ કાંઈ કારણ નથી. આપણે તો પ્રાપ્ત સ્થિતિ ભલે આપણને સારી લાગતી હોય કે નબળી લાગતી હોય તેમાં સમાધાન માની રહેવું જોઇએ કારણ કે એવી પરિસ્થિતિ આપણે પોતે જ આપણા સારા કે ખોટા કર્મોથી નિર્માણ કરેલી હોય છે. એ સ્થિતિને માટે અન્ય કોઇને પણ જવાબદાર ગણવાનો આપણને કોઈ પણ અધિકાર નથી.

આપણે જો પ્રાપ્ત સ્થિતિ કરતાં ઉંચી અને સારી સ્થિતિ પ્રાપ્ત થાય એવી અપેક્ષા જ રાખતા હોઇએ તો આપણે વધુ સારા કર્મો કરી પુણ્ય ઉપાર્જન કરવું જોઇએ. અને બીજાઓ માટે સદ્‌ભાવના કેળવવી જોઇએ. તો જ આપણે વધુ સારી પરિસ્થિતિના અધિકારી બની શકીએ.

બીજાની ઈર્ષ્યા કે દ્વેષ કરીને આપણે પોતે ઉંચા કે સારા બનીશું એમ ધારવું એ તો પહેલાં અમે વર્ણવી ગએલા બગલાની બાલબુદ્ધિ છે. એમાં નિરપવાદ મૂર્ખાઈ છે, એમાં શંકા નથી. અગર આપણે જેને આપણી સ્થિતિ કરતાં નીચા ગણતાં હોઇએ તેની પ્રશંસા કરતાં આપણે હલકા થઈ જઇએ એ પણ મૂર્ખાઈની કોટીમાં ગણવા લાયક વસ્તુ છે.

આપણે કર્મ સંયોગે જે સ્થિતિમાં મૂકાએલા હોઇએ તેમાં સમાધાન માની આપણી આત્મિક ઉન્નતિ જેટલી બને તેટલી સાધવા માટે પ્રયત્નશીલ રહીએ એ આપણા માટે ઉચિત માર્ગ છે. કોઈ પણ સ્થિતિમાં આત્મોન્નતિની સાધના આપણે કરી શકીએ તેમ છીએ.

ગરીબાઇમાં પણ આપણે આત્મોન્નતિના સાધનો મેળવી શકીએ. માત્ર તેમ કરવાની આપણા મનમાં તાલાવેલી જાગેલી હોવી જોઇએ. ગરીબાઈમાં વૃત્તિ સંકોચ કે જરૂરીઆતો આપણે ઓછી કરી શકીએ છીએ. તેથી મનને સંયમની ટેવ પાડી શકાય. અને થોડા સાધનોમાં આપણે સમાધાન મેળવી શકીએ. સંતોષની ટેવ એ પણ આત્મોન્નતિના સાધનોમાંની એક આચરણા છે. બીજાના ઉપભોગના સાધનો જોઈ આપણે તેમની ઈર્ષ્યા કરવાની જરૂર નથી. ઉલટી તેવાઓની પરાધીનતા જોઈ આપણે વધારે સુખી છીએ એમ સમજી શકાય તેમ છે. એ સમજી રાખવું જોઇએ કે જેમ જેમ સુખોપભોગના સાધનો વધુ પ્રમાણમાં હોય છે તેમ તેમ પરાધીનતામાં વધારો જ થતો જાય છે. અમુક વગર કેમ ચાલે? અમુક વસ્તુ તો હોવી જ જોઇએ. અર્થાત્ તે વસ્તુ મેળવવામાં જે જે અવરોધો આવતા હોય તે દૂર કરવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'મહામતિ' સિદ્ધસેન દિવાકરનું શ્રુતકેવલિત્વ તે શું ?

લે. : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**પ્રયોગ**–'**શ્રુતકેવલિત્વ**' એ જૈન દર્શનનો–સાહિત્યનો પારિભાષિક શબ્દ છે, જેઓ **દિટ્ઠિવાય** નામના બારમા અંગના મહત્ત્વપૂર્ણ અને અતિ વિસ્તૃત 'પુવ્વગય' (સં. પૂર્વગત) નામના વિભાગના 'પુવ્વ' (પૂર્વ) તરીકે ઓળખાવાતા ચૌદે ઉપ-વિભાગોના જાણકાર હોય તેમને સંસ્કૃત ભાષામાં 'શ્રુતકેવલિન્' અને પાઇય (પ્રાકૃત) ભાષામાં 'સુઅ (ય) કેવલિ' કહેવામાં આવે છે. એમનો 'ચતુર્દશપૂર્વધર' (પા. ચોદ્દસપુવ્વધર) તરીકે પણ નિર્દેશ કરાય છે. ગુજરાતીમાં એમને 'ચૌદ પૂર્વધર' તેમજ 'શ્રુતકેવલી' પણ કહેવામાં આવે છે.

**છ શ્રુતકેવલી**–શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના શાસનમાં થયેલા છ શ્રુતકેવલીઓનાં નામ વિવિધ કૃતિઓમાં જોવાય છે. દા. ત. 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **અભિધાનચિન્તામણિ** (કાંડ ૧, શ્લો. ૩૩–૩૪)માં તેમ કર્યું છે.

પ્રસ્તુત શ્લોકો નીચે મુજબ છે :–

"केवली चरमो जम्बूस्वाम्यथ प्रभवप्रभुः ।
शय्यम्भवो यशोभद्रः सम्भूतविजयस्ततः ॥३३॥
भद्रबाहुः स्थूलभद्रः श्रुतकेवलिनो हि षट् "

આમ અહીં છ શ્રુતકેવલીઓનાં નામો નીચે મુજબ દર્શાવાયાં છે :—

(૩) **પ્રભવપ્રભુ** (પ્રભવસ્વામી), (૨) **શય્યંભવ**, (૩) **યશોભદ્ર**, (૪) **સમ્ભૂતવિજય**, (૫) **ભદ્રબાહુ** અને (૬) **સ્થૂલભદ્ર**.

**વ્યુત્પત્તિ અને અર્થ**–ઉપર્યુક્ત શ્લોકને લગતી સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૧૪)માં નીચે પ્રમાણે ઉલ્લેખ છે:–
श्रुतेन केवलिनः श्रुतकेवलिनः, चतुर्दशपूर्वधरत्वात्

શ્રુત વડે કેવલી તે 'શ્રુતકેવલી', કેમકે એઓ ચતુર્દશ પૂર્વધર છે, એમ અહીં કહ્યું છે. આ પ્રમાણેનો અર્થ ક્યારથી પ્રચલિત બન્યો છે તેની તપાસ કરવી બાકી રહે છે, જો કે આ સિવાયનો અર્થ કોઈ કૃતિમાં વાંચ્યાનું કે આજ–કાલ પ્રચલિત હોવાનું જાણવામાં નથી. આ રીતે વિચારતાં શ્રુતજ્ઞાનની–'શ્રુત' સાહિત્યની અપેક્ષાએ પરિપૂર્ણ જ્ઞાન જેઓ ધરાવતા હોય તેઓ 'શ્રુતકેવલી' છે.

**નામનો અભાવ**–આપણે ઉપર છ શ્રુતકેવલી-ઓનો ઉલ્લેખ જોઈ ગયા તેમાં તો સિદ્ધસેન દિવાકરનું નામ નથી. વળી **સ્થૂલભદ્ર** મુનિવર તો શબ્દથી ચૌદ પૂર્વના, પરંતુ અર્થથી તો દસ પૂર્વના જ જ્ઞાતા છે.

---

જરૂર પેદા થાય જ. અને પરાવલંબિતા વધતી જ જાય. એવો વિચાર કરી ગરીબોએ પોતાના મનને આશ્વાસન આપવું જોઈએ

ધનવાન માણસ પરોપકારનું કાર્ય ઘણું કરી શકે તેમ છે. પણ ધન કમાવાની ધૂનમાં એને એવા કામો કરવા માટે અવકાશ જ મળતો નથી. અને પોતા પાસે રહેલા સાધનોનો એ સારો ઉપયોગ કરી શકતો નથી. કારણ ધન એકઠું કરવામાં જ એનો બધો વખત જાય છે. તેથી તેને પોતા માટે અર્થાત્ પોતાના આત્માના ભલા માટેનો વિચાર કરવાનો સમય મળતો નથી. ગરીબોએ આવા પરાવલંબી ધનવાનોની તો દયા જ કરવી રહી.

સંતોષ એ આત્માનુભવનું અમોઘ સાધન છે. તેના માટે કોઈ પણ જાતની દોડાદોડ કરવાની જરૂર હોતી નથી. અમુક મહેલમાં મને રહેવા મળવાનું જ નથી. અમુક અધિકાર મારા ભાગ્યમાં લખાએલો ખાસ નથી. અમુક કુશળતા આવડે એ મારી શક્તિની બહારની વસ્તુ છે, એવી ખાત્રી થયા પછી આપણે તે માટે સંતોષ ધારણ કરીએ છીએ. દોડાદોડ કરતા નથી. એવો જ વિચાર કરી સંતોષ રાખી સુખી થવાનો પ્રયત્ન કરીએ તો આપણા આત્માને ઘણો આનંદ મળી શકે તેમ છે. ઇતિશમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સમય**–ભદ્રબાહુસ્વામી **વીર** સંવત્ ૧૭૦ માં સ્વર્ગે સંચર્યાની જૈન પરંપરા છે અને આની વિરુદ્ધ કોઈ આધુનિક બહુશ્રુતે મત ઉચ્ચાર્યાનું જણાતું નથી. એથી એ ફલિત થાય છે કે લગભગ વીર સંવત્ ૨૦૦ પછી કોઈ શ્રુતકેવલી થયા નથી.

**સંવાદી ઉલ્લેખો**–'શ્રુતકેવલી'ના અર્થને લગતા જે શ્વેતાંબરીય ઉલ્લેખો ઉપર્યુક્ત શ્વેતાંબરીય માન્યતાને દર્શાવે છે તે પૈકી કેટલાક નીચે પ્રમાણે છેઃ–

દેવસૂરિએ વિ. સં. ૧૧૬૨માં રચેલા **જીવાણુસાસણ** (અધિ. ૧૪, ગા. ૮૪)માં 'સુયકેવલિ' શબ્દ વાપરી એની સ્વોપજ્ઞ વૃત્તિ(પૃ ૪૫)માં "श्रुतकेवलिना चतुर्दशपूर्वधरेण" એમ આ શબ્દનો અર્થ દર્શાવ્યો છે.

**અભિધાન રાજેન્દ્ર** ( પૃ. ૯૮૫ ) માં નીચે પ્રમાણેની બે ગાથા જોવાય છેઃ—

"जो सुण्णाभिगच्छइ अप्पाणमिणं तु केवलं सुद्धं।
तं सुयकेवलमिसिणो भणन्ति लोगप्पईवकरा॥"
"जो सुअनाणं सव्वं जाणइ
'सुअकेवली' तमाहु जिणा।
नाणं आयं सव्वं जम्हा 'सुयकेवली' तम्हा॥"

**દિગંબરોના મતે પાંચ શ્રતકેવલી**—આપણે શ્વેતાંબરોની માન્યતા વિચારી. હવે દિગંબરોની વિચારીશું. દિગંબરીય સાહિત્યમાં 'શ્રુતકેવલી' શબ્દ વપરાયો છે અને દિગંબરો એનો પ્રયોગ આજે પણ કરે છે. એમના મતે પાંચ જ શ્રુતકેવલી થયા છે. એમનાં નામ **ષટ્ખંડાગય**(ખંડ ૧)ની પ્રસ્તાવના (પૃ. ૨૨)માં નીચે મુજબ દર્શાવાયાં છેઃ-(૧) વિષ્ણુ, (૨) નન્દિમિત્ર, (૩) અપરાજિત, (૪) ગોવર્ધન અને (૫) ભદ્રબાહુ.

પં. **મહેન્દ્રકુમારે જૈનદર્શન**( પૃ. ૧૭ )માં પાંચ જ શ્રુતકેવલી થયાનું કહ્યું છે. એમનાં નામ એમણે નીચે પ્રમાણે રજૂ કર્યાં છેઃ—

(૧) નન્દી, (૨) નન્દિમિત્ર, (૩) અપરાજિત, (૪) ગોવર્ધન અને (૫) ભદ્રબાહુ.

આ બધા **વીર**સંવત્ ૨૦૦ પહેલાં થઇ ગયાનું મનાય છે. એમાં 'સિદ્ધસેન દિવાકર' નામ નથી.

શ્રુતકેવલીનો અર્થ અને એનો કે એના પાર્યાય સમીકરણનો પ્રયોગ તેમ જ શ્રુતકેવલીઓની સંખ્યા અને એમનાં નામો દિગંબરોની કઈ કૃતિમાં સૌથી પ્રથમ અપાએલાં છે તે જાણવું બાકી રહે છે.

**સિદ્ધસેન દિવાકરનો 'શ્રુતકેવલી' તરીકે ઉલ્લેખ**–

સમભાવભાવી [1]**હરિભદ્રસૂરિએ પંચવત્થુગ**માં આચાર્ય **સિદ્ધસેન**ને 'શ્રુતકેવલી' તથા 'દિવાકર' કહ્યા છે અને **સમ્મઇપયરણ**( કંડ ૩ )ની ૫૩મી ગાથા પણ ઉદ્ધૃત કરી છે. એ બાબતો **પંચવત્થુગ**ની નિમ્નલિખિત ગાથાઓ ઉપરથી જાણી શકાય છેઃ–

"भणइ एगन्तेणं अम्हाणं कम्मवाय नो इट्ठो।
ण य णो सहाववाओ सुअकेवलिणा जओ भणिअं
॥ १०४७ ॥
आयरिय सिद्धसेणेण सम्मईए पइट्ठिअजसेणं।
'दूसमणिसा दिवागरकप्पत्तणओ तदक्खेणं
॥ १०४८ ॥
'कालो सहाव निअई पुव्वकयं पुरिसकारणेगन्ता।
मिच्छत्तं, ते चेवउ समासओ होन्ति सम्मत्तं'
॥ १०४९ ॥"

આની સ્વોપજ્ઞ વ્યાખ્યા નામે **શિષ્યહિતા** (પત્ર ૧૫૭ અ)માં 'સુઅકેવલિ' માટેનો સંસ્કૃત શબ્દ 'શ્રુત કેવલિન્' વપરાયો છે, પરંતુ એનો અર્થ અહીં અપાયો નથી, જ્યારે મૂળમાં 'દિવાકર'નો જે નીચે મુજબનો અર્થ સૂચવાયો છે તે સંસ્કૃતમાં દર્શાવાયો છેઃ

'દુઃષમા'રૂપી રાત્રિને વિષે દિવાકર યાને સૂર્ય સમાન હોવાથી 'દિવાકર' હરિભદ્રસૂરિ જેવા સમર્થ

૧ એમનાં જીવન અને વિસ્તૃત કૃતિકલાપનો પરિચય મેં 'શ્રી હરિભદ્રસૂરિ' નામના મારા પુસ્તકમાં આપ્યો છે. આ લગભગ ૪૮૦ પૃષ્ઠનું પુસ્તક હમણાં જ પ્રસિદ્ધ કરાયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથકારે મૂળમાં **સિદ્ધસેન** દિવાકરને 'શ્રુતકેવલી' કહ્યા છે, એટલું જ નહિ પણ વ્યાખ્યામાં પણ 'એમના જેવા' એવો અર્થ કર્યો નથી એથી પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે શું સિદ્ધસેન દિવાકર ખરેખર 'ચતુર્દશ પૂર્વધર' છે? શું એમના શ્રુતકેવલિત્વથી ચતુર્દશ-પૂર્વધરત્વ જ અર્થ સમજવાનો છે? એમ જ હોય તો આ અર્થ સ્વીકારવામાં બે વાંધા જણાય છેઃ—

(૧) શ્રુતકેવલીઓની શ્વેતાંબરીય તેમ જ દીગંબરીય નામાવલીમાં **સિદ્ધસેન** દિવાકરનું નામ નથી તેનું શું?

(૨) **સિદ્ધસેન** દિવાકરને વિક્રમાદિત્યની સમકાલીન હોવાની જૈન પરંપરા માન્ય રખાય અને કેટલાક આધુનિક વિદ્વાનોના મતે એમનો સમય વિક્રમની છઠ્ઠી સદી કે કદાચ પાંચમી છે એ વાત ન પણ માની લઇયે તો પણ લગભગ **વીર** સંવત્ ૨૦૦ પછી કોઈ શ્રુતકેવલી થયા નથી તેનું શું?

**બહુશ્રુતતા–સિદ્ધસેન** દિવાકરના કૃતિકલાપને જૈનોના બંને સંપ્રદાયોના વિદ્વાનો ખૂબ મહત્ત્વનો ગણે છે એટલું જ નહિ પણ કેટલાક અજૈન વિદ્વાનોનું પણ એમ જ માનવું છે. એથી એમની [1]બહુશ્રુતતા તો આપોઆપ સિદ્ધ થાય છે, પરંતુ શ્રુતકેવલિત્વ સાથે એ સમાનતા ધરાવી શકે નહિ. આથી આ સંબંધમાં મેં વિશેષજ્ઞોને આ લેખ દ્વારા પ્રશ્ન પૂછ્યો છે. અહીં એ ઉમેરીશ કે હરિભદ્રસૂરિની પહેલાં કે એમના પછી થયેલા કોઇ ધુરંધર તટસ્થ વિદ્વાને પોતાની કોઈ કૃતિમાં એમને પ્રચલિત અર્થમાં 'શ્રુતકેવલી' કહ્યા છે ખરા? શ્રુતકેવલીનો અન્ય કોઇ અર્થ કોઇ વિશ્વસનીય કૃતિમાં છે અને હોય તો શેમાં?

---

૧ હરિભદ્રસૂરિએ **અષ્ટક પ્રકરણ** (અષ્ટક ૧૩) ના ચોથા શ્લોકમાં 'મહામતિ' કહે છે એવો ઉલ્લેખ કરી એના પછીના પદ્યમાં **ન્યાયાવતાર**નું દ્વિતીય પદ્ય ઉદ્‌ધૃત કર્યું છે. આ **ન્યાયાવતાર** સિદ્ધસેન દિવાકરની કૃતિ ગણાય છે. આ **અષ્ટક પ્રકરણ** ઉપર જિનેશ્વરસૂરિએ વિ સં. ૧૦૮૦માં જાવાલિપુરમાં વૃત્તિ રચી છે એમાં (પત્ર ૫૩ આમાં) એમણે મહામતિનો અર્થ નીચે મુજબ કર્યો છેઃ—

"महामतिः अतिशयवत्प्रज्ञः सिद्धसेनाचार्यः"

●

**श्री महावीराय नमः**

# સ્યાદ્‌વાદની રૂપરેખા

:લેખક:
**પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી.** साहित्याचार्य काव्यतीर्थ M. A. S. T. C.

જૈન દર્શને સામાન્યરૂપથી યાવત્ સતને પરિણામી નિત્ય માનેલ છે. પ્રત્યેક સત્ અનંત ધર્માત્મક છે. તેનું પૂર્ણરૂપ વચનોથી અગોચર છે. સત્ શબ્દ પણ વસ્તુના એક "અસ્તિત્વ" (હોવાપણું) ધર્મ-બોધક છે. શેષ નાસ્તિત્વ (ન હોવાપણું) આદિ ધર્મોનો નહિ. વસ્તુસ્થિતિ આવી હોવા છતાં તેને સમજવા–સમજાવવા માટે અનેક પ્રયત્નો માનવે કરેલ છે. પણ તે વિરાટને જાણવા અને અન્યને સમજાવવા ઘણું સતર્ક રહેવું જોઇએ. આ બન્ને આવશ્યકતાઓને લઇને અનેકાન્તદષ્ટિ અને સ્વાદ્‌વાદનો જન્મ થયો છે.

અનેકાન્તદૃષ્ટિ વિરાટ વસ્તુને જાણવાનો તે પ્રકાર છે. જેમાં વિવક્ષિત ધર્મોને જાણીને પણ અન્ય ધર્મોનો નિષેધ કરવામાં આવતો નથી. તેને ગૌણ અથવા અવિવક્ષિત કરવામાં આવે છે. અને આ રીતે સંપૂર્ણ વસ્તુને મુખ્ય–ગૌણભાવથી સ્પર્શવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. આ રીતે જ્યારે મનુષ્યની દૃષ્ટિ અનેકાન્ત તત્ત્વનો સ્પર્શ કરનારી બની જાય છે, ત્યારે તેની સમજાવવાની પદ્ધતિ પણ બીજા પ્રકારની હોય છે. તે વિચારે છે કે મારે તે શૈલીથી વચન પ્રયોગ કરવો જોઇએ. જેનાથી વસ્તુ તત્ત્વનું યથાર્થ પ્રતિપાદન થાય. આ શૈલીના નિર્દોષ પ્રકારની આવશ્યકતા એ "સ્યાદ્‌વાદનો" આવિષ્કાર કરેલ છે. "સ્યાદ્‌વાદમાં" સ્યાત્ શબ્દ પ્રત્યેક વાક્ય સાપેક્ષ હોય છે તેનું સૂચન કરે છે. "स्यात् अस्ति" વાક્યમાં अस्ति પદ વસ્તુના અસ્તિત્વ ધર્મનું મુખ્ય રૂપથી પ્રતિપાદન કરે છે. તો स्यात् શબ્દ તેમાં રહેનાર નાસ્તિત્વ આદિ શેષ અનન્ત ધર્મોનો સદ્‌ભાવ બતાવે છે. અર્થાત્ વસ્તુ અસ્તિ માત્ર જ નથી, તેમાં ગૌણરૂપથી નાસ્તિત્વ આદિ ધર્મો પણ વિદ્યમાન છે. મનુષ્ય અહંકારી પ્રાણી છે. આથી જે રીતે દ્રષ્ટિમાં અહંકારનું વિષ ન આવે તેટલાં માટે अनेकान्तदृष्टि, સંજીવનીનું રહેવું આવશ્યક છે. તેવી જ રીતે ભાષામાં અહંકાર અથવા નિશ્ચયનું વિષ નિમૂલ કરવા માટે स्याद्‌वाद અમૃતની જરૂર છે.

અનેકાન્તવાદ સ્યાદ્‌વાદનો આ અર્થમાં પર્યાયવાચી છે કે એવો વાદ કથન અનેકાન્તવાદ કહેવાય છે જેમાં વસ્તુના અનન્ત ધર્માત્મક સ્વરૂપનું પ્રતિપાદન મુખ્ય-ગૌણભાવથી થાય છે. જો કે આ બન્ને પર્યાયવાચી છે તો પણ "સ્યાદ્‌વાદ"જ નિર્દોષ ભાષા શૈલીનું પ્રતીક બનેલ છે. અનેકાન્તદષ્ટિ તો જ્ઞાનરૂપ છે અતઃ વચનરૂપ સ્યાદ્‌વાદથી તેનો ભેદ સ્પષ્ટ છે. આ અનેકાન્તવાદ વિના લોક વ્યવહાર ચાલી શકતો નથી. ડગલે ને પગલે આ વાદ વિના વિસંવાદની સંભાવના છે. આથી આ ત્રિભુવનના એક ગુરુ અનેકાન્તવાદને નમસ્કાર કરતાં આચાર્ય સિદ્ધસેન દિવાકરે યોગ્ય જ કહ્યું છે. जेणविणा लोगस्स ववहारो सव्वथा णिव्वइए, तस्य भुवणैक गुरूणोणमोऽणेगंतवायस्य,—सन्मति. ३–६८

સ્યાદ્‌વાદની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. स्यात्+वाद આ બે પદોથી સ્યાદ્‌વાદ બનેલ છે. વાદનો અર્થ પ્રતિપાદન છે. स्यात् વિધ્યર્થમાં વિધિ વિચાર આદિ અનેક અર્થ રહેલ છે. તેમાં "અનેકાન્ત" અર્થ અહીં વિવક્ષિત છે. स्यात् શબ્દ कथञ्चित् એટલે "અમુક નિશ્ચિત અપેક્ષાથી" વસ્તુ અમુક ધર્મયુક્ત શબ્દનો સ્વભાવ અવધારાત્મક-નિશ્ચયાત્મક હોય છે. આથી અન્યનો પ્રતિષેધ કરવામાં તે નિરંકુશ રહે છે. આ અન્યના પ્રતિષેધ ઉપર અંકુશ રાખવાનું કાર્ય स्यात् શબ્દ કરે છે. તે પ્રત્યેક વાક્યની સાથે અન્તર્નિહિત હોય છે. અને ગુપ્ત રહેવા છતાં પ્રત્યેક વાક્યને મુખ્ય ગૌણભાવથી અનેકાન્ત અર્થનો પ્રતિપાદક બને છે. स्यात् अस्ति વાક્યમાં अस्ति પદ અસ્તિત્વ ધર્મનો વાચક છે અને स्यात् શબ્દ "અનેકાન્ત"નો. તે તે સમય અસ્તિત્વથી ભિન્ન અન્ય શેષ ધર્મોનું પ્રતિનિધિત્વ કરે છે. આથી સ્યાત્ પદની-જ્યોતિની નિતાન્ત આવશ્યકતા છે. આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે વિચારને દોષમુક્ત કરવા માટે સ્યાદ્ શબ્દનો પ્રયોગ કરવો આવશ્યક છે. સ્યાદ્‌વાદનો સાર એ છે કે સાધારણ બુદ્ધિવાળો મનુષ્ય કોઈ વિષયમાં જે કાંઈપણ કહે છે તે એકદેશ્ય હોય છે સ્યાદ્‌વાદથી જૈનદર્શનની દ્રષ્ટિ કેટલી ઉદાર છે તે સ્પષ્ટ થાય છે. જૈનદર્શન બીજા દર્શનનાં વિચારોને ન ગણ્ય સમજતું નથી પરંતુ અન્ય દ્રષ્ટિથી તેને પણ સત્ય માને છે. દોષથી મુક્ત થવાની આ પ્રકારની યુક્તિ જૈનદર્શનની પોતાની આગવી શોધ છે તેમ કહેવું અતિશયોક્તિભર્યું નથી.

નિષ્કર્ષ એટલો છે કે પ્રત્યેક અખંડ તત્ત્વ અથવા દ્રવ્યને વ્યવહારમાં ઉતારવા માટે તેના અનેક ધર્મોના આકારનું રૂપમાં વર્ણન કરવામાં આવેલ છે. તે દ્રવ્યને છોડીને ધર્મની સ્વતંત્ર સત્તા નથી. બીજા શબ્દોમાં કહીએ તો અનંત ગુણપર્યાય અને ધર્મોને છોડીને દ્રવ્યોનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી અથવા દ્રવ્યથી ભિન્ન ગુણ અને પર્યાય જોવામાં આવતાં નથી. આ રીતે સ્યાદ્‌વાદ આ અનેકાન્તરૂપ અર્થને નિર્દોષ પદ્ધતિથી વચન-વ્યવહારમાં ઉતારે છે અને પ્રત્યેક વાક્યની સાપેક્ષતા અને આંશિક સ્થિતિનો બોધ કરાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન્યાયાચાર્યે નિર્દેશેલા સદાચારો

લે. પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ.

'સદાચાર' એ સત્ અને આચાર એ બે સંસ્કૃત શબ્દોનો બનેલો સમાસ છે. એનો અર્થ સારું આચરણ, સદાચરણ, સદ્વર્તન, સારી રીતભાત, શિષ્ટ પુરુષોનો આચાર એમ વિવિધ સ્વરૂપે દર્શાવાય છે. સંસ્કૃત ભાષામાં સદાચારના બીજા પણ અર્થ છે, અત્ર પ્રસ્તુત નથી. અહીં તો જેને અંગ્રેજીમાં પણ તે virtuous conduct યાને good manners કહે છે તે અભિપ્રેત છે.

મનુષ્યને છાજે એવું એનું વર્તન તે 'સદાચાર' છે. જેટલે અંશે માનવતા વિકસિત થઈ હોય તેટલે અંશે સદાચાર દીપે છે અને એ સ્વપરનું કલ્યાણ સાધે છે. ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ** આ સંબંધમાં **દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાની** '[1]પૂર્વસેવા' નામની દ્વાત્રિંશિકામાં કેટલુંક વક્તવ્ય રજૂ કર્યું છે, એને અંગેનાં ચાર પદ્યો નીચે મુજબ છે:—

"सुदाक्षिण्यं दयालुत्वं दीनोद्धारः कृतज्ञता ।
जनापवादभीरुत्वं सदाचाराः प्रकीर्तिताः ॥ १२ ॥

रागो गुणिनि सर्वत्र निन्दात्यागस्तथाऽऽपदि ।
अदैन्यं सत्प्रतिज्ञत्वं सम्पत्तावपि नम्रता ॥ १३ ॥

अविरुद्धकुलाचारपालनं मितभाषिता ।
अपि कण्ठगतैः प्राणैरप्रवृत्तिश्च गर्हिते ॥ १४ ॥

प्रधानकार्यनिर्बन्धः सद्व्ययोऽसद्व्ययोज्झनम् ।
लोकानुवृत्तिरुचिता प्रमादस्य च वर्जनम् ॥ १५ ॥"

**દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા** જેવા અનેક જનોને ઉપયોગી ગ્રંથનો પણ કોઈએ ગુજરાતીમાં અનુવાદ કર્યો હોય અને તે પ્રસિદ્ધ થયો હોય એમ જણાતું નથી. આથી હું ઉપર્યુક્ત પદ્યોનો ગુજરાતીમાં ભાવાનુવાદ કરું છું.:—

(૧) સુદાક્ષિણ્ય, (૨) દયાળુતા, (૩) દીનોનો ઉદ્ધાર, (૪) કૃતજ્ઞતા અને (૫) લોકાપવાદની ભીરુતા એ સદાચાર ગણાય છે.–૧૨

(૧) ગુણવાનને વિષે રાગ, (૨) સર્વત્ર અર્થાત્ જઘન્ય, મધ્યમ અને ઉત્તમ જનોની નિન્દાનો ત્યાગ, (૩) વિપત્તિમાં અદીનતા, (૪) સત્પ્રતિજ્ઞાનું પાલન, (૫) સંપત્તિમાં પણ નમ્રતા, (૬) (ધર્મથી) અવિરુદ્ધ એવાં કુલાચારનું પાલન, (૭) મિતભાષિતા યાને ખપ પૂરતું બોલવું, (૮) કંઠે પ્રાણ આવ્યા હોય છતાં (લોકે) નિન્દેલા કાર્યમાં પ્રવૃત્તિનો અભાવ, (૯) મુખ્ય યાને વિશિષ્ટ ફળને આપનાર કાર્યને વિષે આગ્રહ, (૧૦) ધનનો સદ્વ્યય, (૧૧) ધનના અસદ્ યાને ખોટા વ્યયનો ત્યાગ, (૧૨) લોકનાં ચિત્તની ઉચિત યાને ધર્મથી અવિરુદ્ધ આરાધના અને (મદ્યપાનાદિરૂપ) પ્રમાદનો ત્યાગ.

**દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકાના** સ્પષ્ટીકરણરૂપે ન્યાયાચાર્યે **તત્ત્વાર્થદીપિકા** નામની સ્વોપજ્ઞ વિવૃત્તિ રચી છે. એને લક્ષ્યમાં રાખી હું આ સંબંધમાં થોડુંક કહું છું. સુદાક્ષિણ્ય એટલે ગંભીર અને ધીર મનવાળા મનુષ્યની પારકાના કૃત્યના અભિયોગ પ્રત્યેની સ્વાભાવિક તત્પરતા આવો અર્થ **ત૦ દી૦**માં અપાયો છે. દાક્ષિણ્ય એટલે "સભ્યતા વિવેક" એમ કહી શકાય. અંગ્રેજીમાં politeness અને courtesy એવા શબ્દો આ અર્થમાં વપરાય છે.

સદ્વ્યય એટલે પુરુષાર્થને ઉપયોગી એવો ધનનો વિનિયોગ એમ ત૦ દી૦માં કહ્યું છે.

[1] આના આદ્ય પદ્યમાં યોગના પ્રથમ ઉપાયરૂપ પૂર્વસેવા વિષે ઉલ્લેખ કરતી વેળા ગુરુ, દેવ વગેરેનું પૂજન, સદાચાર, તપ અને મુક્તિ પ્રત્યે અદ્વેષ ગણાવાયાં છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિન દર્શનની તૃષા

લેખક : ડૉ. ભગવાનદાસ મન:સુખભાઇ મહેતા એમ. બી. બી , એસ.

**શાસ્ત્રથી પર સામર્થ્યયોગ આત્માનુભવગોચર**

અને આમ છે એટલા માટે જ, સામર્થ્યયોગ* જે છે તે અવાચ્ય છે, કહ્યો જાય તેવો નથી, શાસ્ત્રવાણીને અગોચર છે. કારણકે શાસ્ત્રનો વિષય પરોક્ષ છે, અને **સામર્થ્યયોગનો** વિષય પ્રત્યક્ષ એટલે કે આત્માનુભવગોચર છે, સાક્ષાત્કારરૂપ છે. એટલે જ આ સામર્થ્યયોગ તેના યોગીને સ્વસંવેદનસિદ્ધ, આત્માનુભવગમ્ય કહ્યો છે આ 'યોગ' એટલે **ક્ષપકશ્રેણીગત** યોગીનો ધર્મવ્યાપાર જ છે; અર્થાત્ ક્ષપકશ્રેણી જેણે આરંભેલી છે એવા સમર્થ યોગીનો આત્મસ્વભાવરૂપ ધર્મમાં વર્તનારૂપ જે ધર્મવ્યાપાર છે, તેનું નામ જ **સામર્થ્યયોગ** છે. એમાં આત્માનુભવનું—સ્વસંવેદનજ્ઞાનનું પ્રધાનપણું હોય છે, એટલે જ એને સામર્થ્યયોગ કહેલ છે. આવો આ સામર્થ્યયોગ '**પ્રાતિભજ્ઞાન**'થી સંગત–સંયુક્ત હોય છે અને તે સર્વજ્ઞપણા આદિના સાધનરૂપ-કારણરૂપ થાય છે. તે આ પ્રમાણે :—

**સામર્થ્યયોગ: પ્રાતિભજ્ઞાન અને સર્વજ્ઞતાદિનું સાધન**

પ્રાંતિભજ્ઞાન એટલે પ્રતિભાથી ઉપજતું જ્ઞાન, પ્રતિભાસંપન્ન જ્ઞાન. પ્રતિભા એટલે અસાધારણ પ્રકાશ, ઝળક, ચમકારો. જેમાં અસાધારણ આત્માનુભવનો પ્રકાશ ઝળકે છે–ચમકે છે તે પ્રાતિભજ્ઞાન. જેમાં ચૈતન્યશક્તિનો અસાધારણ–અતિશયવંત ચમત્કાર, અપૂર્વ અનુભવ પ્રકાશ પ્રતિભાસે છે, પ્રગટ જણાય છે–અનુભવાય છે, તેનું નામ '**પ્રાતિભજ્ઞાન**' છે.

આવું પ્રાતિભજ્ઞાન અત્રે સામર્થ્યયોગમાં હોય છે. એને માર્ગાનુસારી પ્રકૃષ્ટ 'ઊહ' (અનન્ય તત્ત્વચિંતન) નામનું જ્ઞાન પણ કહે છે, કારણ કે માર્ગાનુસારી એટલે સાક્ષાત્ મોક્ષમાર્ગે ચાલ્યા જતા 'દૃષ્ટા' યોગીનું અત્રે શુદ્ધ **માર્ગને** અનુસરતું અનન્ય× તત્ત્વચિંતન હોય છે. આ પ્રાતિભજ્ઞાનરૂપ મહાતેજસ્વી પ્રદીપના પ્રકાશથી આગળનો માર્ગ સ્વયં પ્રકાશમાન દેખાય છે–ઝળહળી રહે છે, એટલે સામર્થ્યયોગી પ્રગટ માર્ગ દેખતો દેખતો આગળ ધપે છે, **ક્ષપકશ્રેણી** પર ચઢતો જાય છે અને કર્મપ્રકૃતિઓનો ક્ષય કરતો જાય છે; અને એમ કરતાં કરતાં તે શ્રેણીના અંતે કેવળજ્ઞાન પામે છે ને કેવળજ્ઞાન ભાનુનો ઉદય થતાં તે સર્વજ્ઞ–સર્વદર્શી બને છે અને પછી આ છેલ્લા દેહનું આયુષ્ય પૂર્ણ થયે, તે **અયોગી કેવલી–સિદ્ધ** થાય છે, દૈહિક પાત્ર મટી જાય છે.'

( ચાલુ )

---

* "न चैतदेवं यत्तस्मात्प्रातिभज्ञानसंगतः ।
सामर्थ्ययोगोऽवाच्योऽस्ति, सर्वज्ञत्वादिसाधनम् ॥"
**—પરમર્ષિ હરિભદ્રાચાર્યકૃત યોગદૃષ્ટિસમુચ્ચય**

× આ અનન્ય તત્ત્વચિંતનનું ઉત્તમ ઉદાહરણ **પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના** આ સહજ સ્વયંભૂ અનુભવવચનોદ્ગારમાં દૃશ્ય થાય છે—

"જડ ને ચૈતન બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ જડ તે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પર દ્રવ્યમાંય છે.
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;
કાયાની વિસારી માયા સ્વરૂપે શમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે."

**—શ્રીમદ્ રાજચંદ્રજી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ : પુસ્તક ૭૯ મું

સં. ૨૦૧૯ ના કાર્તિક માસથી આસો

## વાર્ષિક અનુક્રમણિકા

### ૧. પદ્ય વિભાગ


| | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પાર્શ્વનાથ જિન સ્તવન | ( મુનિ મનમોહનવિજય ) | ૧ |
| ૨ | શ્રી ગૌતમસ્વામી સ્તુતિ | ( પંન્યાસ દેવવિજય ગણિવરના શિષ્ય મુનિ હેમચંદ્રવિજય ) | ૨ |
| ૩ | શ્રી જૈન ધર્મ પ્રકાશ | ( મુનિ ભાસ્કરવિજયજી ) | ૩ |
| ૪ | પ્રેમી-જીવનમાં | ( શાહ બાબુલાલ પાનાચંદ ) | ૧૭ |
| ૫ | શુષ્ક વૃક્ષ | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ ) | ૧૮ |
| ૬ | શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ જિન સ્તવન | ( મુનિ નિત્યાનંદવિજય ) | ૨૯ |
| ૭ | તુજ વિણ ના કોઇ મારૂં | ( સુરેશકુમાર કે. શાહ ) | ૩૦ |
| ૮ | શ્રી શંખેશ્વર પાર્શ્વ જિન સ્તવન | ( મુનિ નિત્યાનંદવિજય ) | ૫૩ |
| ૯ | તારણહારો | ( સુરેશકુમાર કે. શાહ ) | ૬૫ |
| ૧૦ | ભવમંડપના નટની પ્રાર્થના | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ ) | ૭૮ |
| ૧૧ | અરૂણ પ્રભા | ,, ,, ,, ,, ) | ૮૯ |
| ૧૨ | સિદ્ધશીલાનું સ્તવન | ( મુનિ મનમોહનવિજય ) | ૧૦૧ |


### ૨. ગદ્ય વિભાગ


| | | | |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષાભિનંદન | ( શાહ દીપચંદ જીવણલાલ ) | ૪ |
| ૨ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક-૪૪ | ( સ્વ. મૌક્તિક ) | ૫ |
| ૩ | ભિન્નતામાં અભિન્નતા | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ ) | ૧૩ |
| ૪ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક-૪૫ | ( સ્વ. મૌક્તિક ) | ૧૯ |
| ૫ | સ્થાપના નિક્ષેપની મૌલિકતા | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ ) | ૨૩ |
| ૬ | જિન પ્રતિમાદિની પ્રાચીન પૂજન વિધિ | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ. ) | ૨૬ |
| ૭ | સુપાત્ર દાન | ( સં. ડો. વલ્લભદાસ નેણશીભાઈ-મોરબી ) | ૨૭ |
| ૮ | જમણપુર | ( સ્વ. શાંતમૂર્તિ જયંતવિજયજી મહારાજ ) | ૨૯ |
| ૯ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક-૪૬ | ( સ્વ. મૌક્તિક ) | ૩૧ |
| ૧૦ | હાથમાંથી બાણ છુટી ગયું હવે શું થાય ? | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ ) | ૩૫ |
| ૧૧ | ભંતે શબ્દના અર્થ ઇત્યાદિ | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ. ) | ૩૭ |
| ૧૨ | તત્ત્વ રમણતા | ( સં. ડો. વલ્લભદાસ નેણશીભાઈ-મોરબી ) | ૪૦ |
| ૧૩ | અંધ કોણ | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ ) | ૪૧ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50


| | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૪ | શ્રી જૈન શ્વે કો. બાવીસમું અધિવેશન | | ૪૨ |
| ૧૫ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક-૪૭ | ( સ્વ. મૌક્તિક ) | ૪૭ |
| ૧૬ | માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો સંબંધી સાહિત્ય | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા ) | ૪૯ |
| ૧૭ | નમ્ર માર્ગદર્શન | ( બટુક જ. શાહ ) | ૫૧ |
| ૧૮ | ભ્રાતૃભાવ | ( સં. ડો. વલ્લભદાસ નેણશીભાઈ–મોરબી ) | ૫૩ |
| ૧૯ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક-૪૮ | ( સ્વ. મૌક્તિક ) | ૫૪ |
| ૨૦ | સિદ્ધ પરમાત્માઓની અવગાહના | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા ) | ૫૭ |
| ૨૧ | જિન દર્શનની તૃષા | ( ડો. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા એમ.બી.બી.એસ. ) | ૬૧ |
| ૨૨ | પરોપકાર | ( સં. ડો. વલ્લભદાસ નેણશીભાઈ-મોરબી ) | ૬૫ |
| ૨૩ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક-૪૯ | ( સ્વ. મૌક્તિક ) | ૬૬ |
| ૨૪ | દુઃખ એ માનવનો ગુરૂ છે | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ ) | ૭૦ |
| ૨૫ | જિન દર્શનની તૃષા | ( ડો. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા ) | ૭૩ |
| ૨૬ | ભાવ | ( ડો. વલ્લભદાસ નેણશીભાઈ–મોરબી ) | ૭૪ |
| ૨૭ | શ્રી વર્દ્ધમાન મહાવીર : લેખાંક-૫૦ | ( સ્વ. મૌક્તિક ) | ૭૮ |
| ૨૮ | સંતોનું સામર્થ્ય | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ ) | ૮૧ |
| ૨૯ | સિદ્ધ પરમાત્માઓની અવગાહના | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા ) | ૮૩ |
| ૩૦ | જિન દર્શનની તૃષા | ( ડો ભગવાનદાસ મનસુખભાઈ મહેતા ) | ૮૭ |
| ૩૧ | શ્રી વર્દ્ધમાન મહાવીર : લેખાંક-૫૧ | ( સ્વ. મૌક્તિક ) | ૯૦ |
| ૩૨ | સેવાધર્મ | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ ) | ૯૩ |
| ૩૩ | તીર્થંકરોના લાંછનો અને લક્ષણો | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા ) | ૯૬ |
| ૩૪ | શ્રી વર્દ્ધમાન મહાવીર : લેખાંક-૫૨ | ( સ્વ. મૌક્તિક ) | ૧૦૨ |
| ૩૫ | નાનો અને મોટો ! | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ ) | ૧૦૫ |
| ૩૬ | 'મહામતિ' સિદ્ધસેન દિવાકરનું શ્રુતકેવલિત્વ તે શું ? | ( પ્રો હીરાલાલ ર. કાપડિયા ) | ૧૦૭ |
| ૩૭ | સ્યાદ્વાદની રૂપરેખા | ( પ્રા નર્મદાશંકર શાસ્ત્રી ) | ૧૦૯ |
| ૩૮ | ન્યાયાચાર્યે નિર્દેશેલા સદાચારો | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા ) | ૧૧૧ |
| ૩૯ | જિન દર્શનની તૃષા | ( ડો. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા ) | ૧૧૨ |


## ૩. પ્રકીર્ણ


| | | | |
|---|---|---|---|
| ૧ | પુસ્તકોની પહોંચ | કારતક | |
| ૨ | " " | પોષ-મહા | ૪૧ |
| ૩ | " " | જેઠ | ૭૭ |
| ૧ | જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર સંવત ૨૦૧૧ થી ૨૦૧૩ ત્રણ વર્ષનું સરવૈયું | | ૭૬ |
| ૨ | " " " ૨૦૧૪ થી ૨૦૧૬ " " | | ૮૯ |
| ૩ | " " " ૨૦૧૭ થી ૨૦૧૮ બે વર્ષનું સરવૈયું | | ૧૦૨ |


પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only